વડોદરા મહાનગર સેવા સદન

www.vmcegov.com / www.vmc.gov.in

આકારણી રજિસ્ટર પ્રસિધ્ધ કરવા બાબત

**વડોદરા મહાનગર સેવા સદનના દક્ષિણ ઝોન (વહીવટી વોર્ડ નં. ૩, ૪ અને ૧૨) ના હદ વિસ્તારમાં આવેલી (ઔદ્યોગિક એકમો સહની) મિલક્તોના સને ૨૦૧૬-૧૭ ના વર્ષના આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક' ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિધ્ધી બાબતે જાહેર નોટીસ**

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતી મુજ્બ ઉપરોક્ત વહીવટી વોર્ડમાં આવેલી મિલ્કતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા **દક્ષિણ ઝોન (વોર્ડ નં. ૩, ૪ અને ૧૨) ના હદ વિસ્તારમાં આવેલી** (ઔધોગિક એકમો સહની) મિલક્તોના સને ૨૦૧૬-૧૭ ના વર્ષના આકારણી રજીસ્ટર આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. **આ રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંબધિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે. આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોંઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા. ૨૩-૫-૧૬ સુધીમાં નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.**

અન્ય બાબત-(૧) અરજદાર સાદા કાગળ પર વાંધા અરજી કરી શકશે. (૨) સદર જાહેરાત સંબધી વધુ વિગતો તેમજ સમજ મેળવવા માટે સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવો.

(એચ. એસ. પટેલ આઇ એ એસ)

પી.આર.ઓ. નં./ ૧૨૦ /૨૦૧૬-૧૭ મ્યુનિસિપલ કમિશનર